# Day to Day Current Affairs

**22. ઓક્ટોબર 2015**

## ૧ રાષ્ટ્રીય બાળ વિજ્ઞાન જિલ્લા કક્ષાની સ્પર્ધા :

- બાળકોમાં વૈજ્ઞાનિક વલણ અને સંશોધન વૃતિ વિકસાવવા હેતુથી ભારત સરકારના સાયાન્સ એન્ડ ટેક્નોલિજી વિભાગ દ્વારા છેલ્લા 22 વર્ષથી રાષ્ટ્રીય બાળ વિજ્ઞાન કાર્યક્રમ ચાલી રહ્યો છે.
- આ અંતર્ગત રાષ્ટ્રીય બાળ વિજ્ઞાન જિલ્લા કક્ષાની સ્પર્ધા 27 ઓક્ટોબરના રોજ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, રાજકોટ ખાતે યોજાશે.
- આ સ્પર્ધાનો મુખ્ય વિષય : 'હવામાન અને આબોહવાની સમજ' સ્પર્ધામાં 10 થી 17 વર્ષ સુધીના બાળકો વિષયને અનુરૂપ પ્રોજેકટ તૈયાર કરી ભાગ લઇ શકશે.

## ૨. સરદાર પટેલ જુનિયર એવોર્ડ :

- રાજકોટના શુટર પ્રિયંક પટેલને ગુજરાત ગવર્મેન્ટ તરફથી રમતગમત મંત્રીના હસ્તે સરદાર પટેલ જુનિયર એવોર્ડથી સન્માનીત કરાયા.
- નેશનલ રાઇફલ શુટિંગ કોમ્પિટીશનમાં અંડર સેવાન્ટીનમાં ગોલ્ડ મેડલ મળતા ગુજરાત સરકારે તેમને આ એવોર્ડથી નવાજ્યા હતાં.

## ૩. અનિર્બાન લાહિરી – ભારતીય ગોલ્ફર :

- ટોચના ભારતીય ગોલ્ફર અનિર્બાન લાહિરી આકર્ષક રમતને કારણે મહિનાના શ્રેષ્ઠ એશિયન ગોલ્ફરનો એવોર્ડ મળ્યો.
- લાહિરીને જુન થી સપ્ટેમ્બમાં કરેલા પ્રદર્શનના કારણે એશિયન ટુર ગોલ્ફર ઓફ ધ મન્થ એવોર્ડ માટે પસંદગી કરવામાં આવી હતી.

Vivekanand Academy, Gandhinagar